મહાનગર કલકત્તા

# હલચલ

૨૦-૦૯-૨૦૦૨ • રૂ. ૬.૦૦




# હેલો, સેમ પિત્રોડા સ્પિકિંગ...


## 'લાઈફ ઈઝ અ જર્ની.'

સેમ પિત્રોડાની એક રસપ્રદ મુલાકાત

20 th September 2002 Mahanagar Calcutta Halchal (Guj. News Weekly) RNI No. 44088/86 Regd. No. TECH/WB/KNP 322/2002

# હેલો, સેમ પિત્રોડા સ્પિકિંગ... 'લાઈફ ઈઝ અ જર્ની.'

## સેમ પિત્રોડાની એક રસપ્રદ મુલાકાત



'બધું કામ કરું છું... સતત પ્રવાસ કરતો રહું છું. લાઈફ ઈઝ અ જર્ની. જીવન એક પ્રવાસ છે. નવા નવા માણસો મળતા જાય. વાતો કરવાની. મીટ ફોર અ વ્હાઈલ...પછી સ્ટેશન આવે એટલે ઉતરી જવાનું.'

વર્લ્ડ ટેલ લિમિટેડના ચીફ એકઝીક્યુટીવ ઓફિસર અને વિશ્વવિખ્યાત ટેલિકોમ્યુનીકેશન એકસપર્ટ શ્રી સેમ પિત્રોડા ઑલ ઈન્ડીઆ મેનેજમેન્ટ એસોસીએશન અને કલકત્તા મેનેજમેન્ટ એસોસીએશનના ઉપક્રમે ઑબેરોય ગ્રાન્ડમાં તા.૧૨-૯-૨૦૦૨ના રોજ યોજાયેલા રાષ્ટ્રીય પ્રબંધન સંમેલનમાં ભાગ લેવા કોલકાતા પધાર્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, મેધા પર આધારિત સૂચના તકનીક ઉદ્યોગમાં વિકાસને કારણે સમગ્ર વિશ્વમાં પરિવર્તનની લહર આવી છે. આની પહેલાં કોઈ વિચારી પણ શકતું ન હતું કે ખાણ કે મોટી સંપત્તિ વગર પણ કોઈ પૂંજીપતિ થઈ શકે છે. તેમણે જણાવ્યું કે તકનીકી વિકાસ જ આગળ વધવાનો એકમાત્ર માર્ગ છે.

શ્રી સેમ પિત્રોડા ડિજીટલ કોમ્યુનીકેશન્સમાં ૫૦ જેટલી વિશ્વવ્યાપી પેટન્ટસ ધરાવે છે. આવા સંશોધક, ટેકનોક્રેટ, સામાજિક વિચારક અને સ્વપ્નદૃષ્ટા શ્રી સેમ પિત્રોડા સાથે શુક્રવાર તા.૧૩-૯-૨૦૦૨ના રોજ બપોરે ૧૨-૩૦ વાગે તાજ બેંગાલમાં અમારી મુલાકાત ગોઠવાઈ હતી. તે અગાઉ તેમની પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શ્રી બુદ્ધદેવ ભટ્ટાચાર્ય જોડે મુલાકાત ગોઠવાઈ હતી. મુખ્યમંત્રીશ્રીને મળીને તેઓ આવવાના હતા. અમે રાહ જોતા બેઠા હતા... સમય પસાર થતો હતો... થોડો વિલંબ થયો... અમારી નજર પણ કાચના પ્રવેશદ્વાર પર મંડાયેલી હતી. થોડીવારે માથે રૂપેરી વાળના ઝુલ્ફ અને કાળી ફ્રેન્ચ દાઢીવાળી વ્યકિતને ત્વરિત ગતિએ દાખલ થતાં જોઈને અમે ઊભાં થયાં.

શ્રી પિત્રોડા અમારી તરફ વળ્યા અને હાથ મેળવતા બોલી ઉઠ્યા: 'આઈ એમ વેરી સોરી... આવતાં મોડું થયું. સી.એમ. જોડેની ચર્ચા લાંબી ચાલી... એટલે... સોરી...' તેમની નિખાલસતા અને સરળતા સ્પર્શી ગયા. સી.એમ.ને મળવા ગયાં છે એટલે આવતાં વહેલું-મોડું થાય તે સ્વાભાવિક છે. એવી માનસિકતા અમે કેળવી જ રાખી હતી.

પછી પરસ્પર પરિચય વિધિ ચાલી. 'હલચલ'ના અંકો એમણે ભાવપૂર્વક જોયા. 'સરસ નામ છે- 'હલચલ...' અંકના પાનાં ફેરવતાં કહ્યું... 'બોલો શું પૂછવું છે...?'

અમે પ્રસ્તાવના બાંધતા કહ્યું...'તમે ટેલિ કોમ્યુનિકેશન્સ ક્ષેત્રે ક્રાંતિ લાવ્યા છો. તમારું નામ ટેલિકોમનું પર્યાય બની ગયું છે...'

'એવું કાંઈ નથી. મારી જેમ બીજા પણ ઘણાં લોકો આ ક્ષેત્રે કામ કરી રહ્યા છે...' તેમણે અમારી વાતનો દોર ઉપાડી લીધો....

ભારતમાં લોકો ટેલિકોમનો પૂરેપૂરો ભાવાર્થ સમજ્યા નથી. લોકોને મન ટેલિ-કોમ એટલે ટેલિફોનમાં વાતચીત કરવાની બાબત. પણ હવે દુનિયાભરમાં ટેલિકોમ સિનારિયો તદ્દન બદલાઈ ગયો છે. તેમાં અવાજ, માહિતી, વિડિઓ, ગ્રાફિકસ બધાંનો સમન્વય સધાય છે. તેના પગલે અત્યારની પ્રક્રિયાઓ, સંસ્થાઓ, વ્યવસ્થા બધામાં પરિવર્તન આવે છે તે સાંસ્કૃતિક ક્રાંતિ લાવે છે.

ઓપનનેસ, કનેકટીવીટી, એકસેસીબીલીટી, નેટવર્કિંગ, ઈ-કોમર્સ, ડેમોક્રેટાઈઝેશન, ડિસેન્ટ્રલાઈઝેશન...આ બધું ટેલિ-કોમ દ્વારા શક્ય બને છે. પૈસાનો દાખલો આપતાં તેમણે જણાવ્યું કે તમારે સિક્કા કે નોટોના બંડલ સાથે રાખવાની જરૂર નથી. બિટસ અને બાઈટસથી નાણાંકીય વ્યવહાર ચાલી શકે છે.


જમીનના લગતાં રેકોર્ડઝ તમને નેટવર્કિંગમાં મળી જાય. શાળામાં પ્રવેશ મેળવવા આજે કેટલી માથાકૂટ કરવી પડે છે. ફોર્મ ભરો-સાથે માર્કશીટ આપો વગેરે અનેક ઝંઝટ. શાળામાં પ્રવેશ માટે તમે નેટ પર અરજી કરી શકો છો. ઈ-મેઈલ, ઈ-ગવર્નન્સ વગેરે અનેક સવલતો છે.

કેમેરાનું ઉદાહરણ આપતાં તેમણે જણાવ્યું કે ચાલુ કેમેરામાં રોલ ભરો, ફોટા પાડ્યા પછી સ્ટુડિઓમાં ધોવા આપો પછી મળે. પણ ડિજીટલ કેમેરામાં તમને તત્ક્ષણ

ચિત્ર મળે. ચિત્રને વેબ પર મૂકો અને ત્યાંથી કોઈ પણ વ્યક્તિ તે ચિત્ર લઈ શકે છે.

પછી ડિજીટલ વોલેટ વિકસાવી છે. એ બાબતે તેમણે કહ્યું કે, જુઓ, તેમાં કાંઈ નથી. ઈટસ સો સિમ્પલ, કહી તેમણે પોતાના ખિસ્સામાંથી ચામડાનું પાકીટ કાઢ્યું અને તેમાંથી ક્રેડીટ કાર્ડ, પૈસા ટેલિફોન ડાયરી અન્ય કાર્ડઝનો ટેબલ પર ઢગલો કર્યો પછી પોતાના મોબાઈલ ફોન જેવું સાધન લઈ તે પર ડોટ પેનથી ટચ કરતાં કરતા બતાવ્યું કે તેમાં ટેલિફોન, ડાયરી, ઈમેલ, કેલેન્ડર, એસએમએસ, ક્રેડીટ કાર્ડ વગેરે બધી જ સવલતો સમાયેલી છે. તમારે આ બધી વસ્તુઓ, પછી અલગ અલગ સાથે રાખવાની જરૂર નહીં. તમે બેન્કમાં આ સાધનથી ઓપરેટ કરી શકો. તમે ક્યાંકથી કશી ખરીદી કરો તો તમે ક્રેડિટ કાર્ડ આપો અને તે ક્રેડિટ કાર્ડ મશીનમાં મૂકીને તેમાંથી તમારા બીલના પેમેન્ટની માહિતી મેળવે. જ્યારે આ સાધનથી તમે તે જ માહિતી તેને આપી શકો જેથી તમારે અલગ કાર્ડ રાખવાની જરૂર નહીં. આમ, સાધન (સેલફોન)માં જ બધી માહિતી સમાઈ જશે.

શ્રી પિત્રોડાએ જણાવ્યું કે આ બધી વસ્તુઓ લોકોની સમજમાં નથી આવતી. વાત એમ છે કે લોકોનું માઈન્ડ-સેટ (માનસ) ૧૯મી સદીનું છે જ્યારે ટેકનોલોજી ૨૧મી સદીની છે. લોકોના માનસનું આઈટી જોડે પૂરેપૂરું ટ્યુનીંગ નથી. તેમણે કહ્યું કે લોકોએ આંખ ખૂલ્લી રાખવી જોઈએ અને પરિવર્તન માટે તૈયાર રહેવું જોઈએ. તેમણે કહ્યું કે ભારતમાં વર્ક-કલ્ચર (કાર્ય-સંસ્કૃતિ) જુદું છે. શ્રમિકો- કાર્યકરો જેઓ માત્ર વાતો કર્યા કરે છે અને કાર્યકરોની- કામ કરે તેવા લોકોની જરૂર છે એમ તેમણે જણાવ્યું હતું. કમનસીબે આપણે આવા લોકો પર




ધ્યાન નથી આપતા. ઘણાં લોકો કહેતાં હોય છે: 'આ મારું કામ નથી.' આ વલણ બદલાવું જોઈએ. આપણે ત્યાં ટીકા કરનાર બે હજાર લોકો છે પણ કામ કરનાર એક છે એવી ટકોર તેમણે કરી હતી.

સુશ્રી મમતા બેનર્જી રેલ્વે મંત્રી હતા ત્યારે રેલ્વેમાં ઓપ્ટીકલ ફાઈબરને લગતો પ્રકલ્પ હતો જે કામ શ્રી સેમ પિત્રોડા સંભાળવાના હતા. પછી સુશ્રી મમતા બેનર્જી રેલ્વે મંત્રી તરીકે રાજીનામું આપ્યું- એ કામ પછી ન થયું. એ બાબત તમારી શી પ્રતિક્રિયા છે? એવા અમારા સવાલમાં શ્રી પિત્રોડાએ બિલકુલ સ્વાભાવિક સૂરે જણાવ્યું કે એ કામ ન થયું. કામ થાય તો કરવાનું અને ન થાય તો છોડી દેવાનું. જે આપણા હાથની વાત ન હોય, તેની ચિંતા નહીં કરવાની.

શ્રી પિત્રોડાએ આરોગ્ય અને પાણીના ક્ષેત્રે પણ ગામડાંઓમાં કામ કર્યું છે. કૂવાઓમાંથી પાણી કઢાવીને તેના સેમ્પલનું પરીક્ષણ કરાવ્યું છે. જીવાણુ, લોહ, ફ્લોરાઈડ વગેરે છે કે નહીં તેની ચકાસણી માટે ૪૦૦ જેટલી પરીક્ષણ માટેની પ્રયોગશાળાઓની સ્થાપના કરી હતી. તેમણે જણાવ્યું કે ભારતની સમસ્યાઓ એટલી વિરાટ છે કે અહીં કોઈ પણ કામ 'લાઈફ-ટાઈમ વર્ક' (જીવનભરનું કામ) હોય છે.

તેમણે જણાવ્યું કે અમે પસાર થઈ રહ્યા હતા ત્યારે જોયું કે મોટા ભાગના ઘરોમાં બહારની દિવાલોમાં રંગ કરાવેલા નથી. આ સામાન્ય દૃશ્ય છે. માની લઈએ કે લોકોને પોષાતું નથી. મને થયું કે પ્લાસ્ટીક કોટીંગવાળી ઈંટો બનાવીએ તો કેમ? આવી ઈંટોનો ઉપયોગ થાય તો પછી રંગ કરાવવાની જરૂર જ ન પડે! આ એક વિચાર આવ્યો. આ કામ અહીંના માણસ કેમ ન વિચારીને કંઈ રસ્તો કાઢે?

અમે રસ્તામાં ઝૂંપડપટ્ટીઓ જોઈ. કપડાં, પ્લાસ્ટીક, પતરાઓ, ઘાસ એમ જે સામગ્રી મળી તેનાથી આડેધડ બનાવેલી ઝૂંપડીઓ હોય છે. ઝૂંપડીઓના સ્ટાન્ડર્ડ મોડેલ બનાવવા જોઈએ. એબીસી કેટેગરીમાં બનાવો. તે પ્રમાણે તેની કીટ બનાવીને આપો અને જરૂર પ્રમાણે તેને ફીટ કરી દો. તો જોવામાં સુઘડ લાગે અને સગવડ પણ સચવાય. એચડીએફસીના ચેરમેન શ્રી દીપક પારેખ કોલકાતામાં હતા. તેમને મેં વાત કરી. તેમને આ વિચાર ગમ્યો છે. શ્રી પિત્રોડાએ જણાવ્યું કે આપણે નવી રીતે વિચારતા શીખવું જોઈએ અને આપણાથી બને તેટલું શ્રેષ્ઠ કામ કરવું જોઈએ. નારાજ થઈને બેસી ન રહેવું જોઈએ. સતત કામ કરતા રહો. આ બહુ જ સાદી વાત છે. આમાં આપણે કોઈ ધાડ મારવાની નથી. આમ, સામે જે દેખાય છે તે કામ કરવા માંડો. બસ, તેમાંથી જ કંઈ સારું નીપજશે.

શ્રી પિત્રોડા સાથે વાત કરી રહ્યા હો ત્યારે ઉત્સાહ અને આનંદનો પૂંજ લાગે. વાતો સચોટ અને સીધીસટ હોય છે. વ્યવહારુ હોય છે. ક્યાંય દંભ નજરે ન પડે. સ્ફૂર્તિથી છલકાતા હોય. સ્વપ્ને પણ ખ્યાલ ન આવે કે તેમણે બાયપાસ સર્જરી કરાવી છે. તેમને પ્રોસ્ટેટનું કેન્સર પણ હતું. ઘરના માણસો ગભરાઈ ગયા. પણ શ્રી પિત્રોડા આ બધી વસ્તુઓને જીવનનો એક ભાગ જ ગણે છે. એમાં શું? તેનો સામનો કરો. ત્રણ દિવસ હોસ્પિટલમાં રહ્યા. તેમણે પગથી માથા સુધીના અંગો પર આંગળી વીંધતા કહ્યું: 'આઈ એમ કટ હિયર...હિયર...હિયર... એવરી વેહર'- શરીરના ઘણાં ભાગમાં સર્જરી કરાવવી પડી. 'બટ ધેન આઈ એમ હિયર. તમારી સામે


બેસીને વાત કરી રહ્યો છું...'
હસીને, બહુ જ સ્વાભાવિક રીતે બોલતાં તેમણે કહ્યું: 'બધું કામ કરું છું... સતત પ્રવાસ કરતો રહું છું. લાઈફ ઈઝ અ જર્ની. જીવન એક પ્રવાસ છે. નવા નવા માણસો મળતા જાય. વાતો કરવાની. મીટ ફોર અ વ્હાઈલ...પછી સ્ટેશન આવે એટલે ઉતરી જવાનું.'

એક પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું કે, 'આપણી સામે જે પડ્યું છે તેની ચિંતા કરો. લગ્નમાં નથી જતો. મારા આઠ ભાઈ-બહેનો છે. તેમના લગ્નમાં નથી ગયો. તે લોકો જાણે છે. સમજે છે. હા, ગામમાં હોઉં અને અનુકુળ હોય તો અડધો-એક કલાક જઈ આવું. એ જુદી વાત છે. અરે, આપણા વગર પણ એ પરણી જવાના છે.' કહી તેઓ હસી પડ્યા. તેમની વાતો બહુ જ સ્પષ્ટ અને નિખાલસ હોય છે.

'જીવનમાં મારા કોઈ શત્રુ નથી. કોઈની સાથે ઝગડો નથી, ન ફાવે તો કાંઈ નહીં. આપણે આપણે રસ્તે, એ તેના રસ્તે. આપણે આપણું કામ કરતા રહેવું બસ. બીજાની ખરાબ બાજુઓ જોવામાં મને રસ નથી. તેનામાં જે સારી વાત હોય તે હું જોઉં-નાના-મોટા બધાં માણસોને મળવાનું મને ગમે છે. નાના બાળકો સાથે, ડ્રાઈવર, માળી, નોકર બધાં સાથે હસીને, પ્રેમથી વાતો કરું છું. મને ગમે છે.' અને જાણે કે જીવનમંત્ર કહેતા હોય એમ સહજ ભાવે કહ્યું: 'અરે યાર, એન્જોય લાઈફ.. સહુ સાથે પ્રેમથી રહો! '

શ્રી પિત્રોડા મૂળ હળવદ પાસે ટીકર ગામના. પણ પછી બાપુજી ટિટિલાગઢ (ઓરિસ્સા) ગયા. ત્યાં શ્રી પિત્રોડાનો જન્મ થયો. તેમણે પ્રથમ વલ્લભવિદ્યાનગર અને પછી વડોદરામાં અભ્યાસ કર્યો. ત્યારબાદ ૧૯૬૪માં તેઓ અમેરિકા ગયા.

તેઓ વચ્ચે ૧૦ વર્ષ ભારતમાં રહ્યા હતા. તેઓ વડાપ્રધાન શ્રી




રાજીવ ગાંધીના મુખ્ય ટેકનોલોજી સલાહકાર હતા. તેમણે ગામડાંઓમાં ટેલિફોન એકસ-ચેન્જોની સ્થાપના કરીને ભારતના દૂર-સુદુરના ગામડાઓ સુધી ટેલીફોન સેવાનો વિસ્તાર કર્યો. આજે આપણે ચારેતરફ-ગલીએ ગલીએ એસ.ટી.ડી. પી.સી.ઓ.ના બુથ જોઈએ છીએ તે તેમના કાર્યને આભારી છે. પરિણામે આજે તમે વૈષ્ણોદેવી, ગંગોત્રી-જમુનોત્રી કે ગંગાસાગર કે કુલુ-મનાલીમાં હો, ફોનથી તત્ક્ષણ વાતો કરી શકો છો. આ બધી સેવાનું શ્રેય તેમને જાય છે. તેઓ માને છે કે ટેલિકોમ્યુ-નીકેશન્સ માત્ર વાતચીત કરવા માટે જ ઉપયોગી નથી. અનાજ, ચોખ્ખું પાણી, આરોગ્ય, રહેણાંક વગેરે અનેક પ્રાથમિક સુવિધાઓ મળે પણ તે મહત્ત્વનું છે. તેઓ ભારતમાં ટેલિકોમ્યુનીકેશન્સ ક્ષેત્રે ક્રાંતિ લાવ્યા છે અને એ રીતો અન્ય વિકાસશીલ દેશો માટે પણ એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. શ્રી પિત્રોડા માને છે કે ભારતમાં જે જૂની, ધીમી અને નબળી અમલદારશાહી પધ્ધતિ છે તેને ઈન્ટરનેટ જેવા ઈલેક્ટ્રોનીક માધ્યમ દ્વારા અતિ ઝડપી અને તાત્કાલિક પરિણામલક્ષી બનાવી શકાય છે. તેઓ માને છે કે ભારતમાં આપણે ઈન્ટરનેટથી મળતા લાભોની ઉપલી સપાટીનો માત્ર સ્પર્શ કર્યો છે.

શ્રી પિત્રોડા અમારી સાથે ગુજરાતીમાં વાતો કરતા હતા. તે જોઈ અમે કહ્યું: 'તમને આમ ગુજરાતીમાં બોલતાં સાંભળીને ખૂબ આનંદ થયો...' ત્યારે તેમણે કહ્યું: ગુજરાતીમાં બોલી શકું છું. હા, કોઈ જાહેર સભામાં બોલવાનું હોય તો બહુ ન ફાવે. પણ આમ વાતો કરવામાં મઝા આવે- આપણી ભાષાને કેમ ભૂલાય ? મારા બાળકો અમેરિકામાં જન્મ્યા છે. છતાં તેઓ પણ ગુજરાતી જાણે છે... જે વ્યકિત ૧૯૬૪થી અમેરિકામાં રહેતી હોય તેમનો આવો ભાષાપ્રેમ જોઈને ખરેખર ખૂબ આનંદ થયો- માન પણ થયું!

તેમની પુત્રી ૨૪ વર્ષીય કુમારી રાજલ પિત્રોડા પણ સાથે આવી હતી. તે અત્યારે 'ડૉટર્સ ઓફ ગુજરાત' નામે પુસ્તક લખી રહી છે. તેમાં વિવિધ ક્ષેત્રોમાં મહત્ત્વનું પ્રદાન કરનાર ગુજરાતની ૭૫ નારીઓનો આલેખ હશે. રાજલ એ પુસ્તક પોતાની દાદીમા અને નાનીમાને અર્પણ કરશે. આ પુસ્તક ખૂબ આકર્ષક અને ભેટ આપવા લાયક કોફી ટેબલ પુસ્તકના રૂપમાં પ્રગટ થશે. ત્યારે પછી શક્ય હશે તો ભારતના અન્ય પ્રાંતોની નારીઓ વિષે પણ આવા પુસ્તક પ્રકાશિત કરવાની ઈચ્છા છે.

શ્રી પિત્રોડાની સાથે તેમના મિત્ર શ્રી સ્ટીવ સ્મીથ પણ આવ્યા હતા જેઓ અમેરિકાની પ્રખ્યાત કંપની જનરલ ઈલેક્ટ્રીકના મેનેજીંગ ડિરેક્ટર છે. સમૃદ્ધિ અને સફળતાના સિંહાસન પર વિરાજતા આ તરુણ અને હસમુખા યુવાન સાદા-પેન્ટ શર્ટમાં સજ્જ હતા. શ્રી પિત્રોડા સાથે તેમણે મુંબઈ, દિલ્હી અને કોલકાતાનો પ્રવાસ કર્યો. અમે પૂછ્યું: 'ભારતની આ પ્રથમ મુલાકાત કેવી લાગી?'

'ખૂબ જ ગમ્યું. ઘેર જવાનું મન નથી થતું... આઈ લવ ઈન્ડીઆ... ફર્સ્ટ ગ્લીમ્સ ઈઝ ફેસીનેટીંગ...!'

તેઓ ફોટોગ્રાફીના શોખીન છે. કોલકાતામાં સવારના છ વાગ્યાના નીકળી ગયા હતા કેમેરા લઈને. 'કેવું લાગ્યું કોલકાતા?'

'ખૂબ વિવિધતા છે. શેરીઓ પરનું જીવન, સ્થાપત્ય, ટેકસી, ટ્રામ, ખાવાના ખુમચા, લોકો,



શ્રી પિત્રોડાની સાથે તેમના મિત્ર શ્રી સ્ટીવ સ્મીથ પણ આવ્યા હતા જેઓ અમેરિકાની પ્રખ્યાત કંપની જનરલ ઈલેક્ટ્રીકના મેનેજીંગ ડિરેક્ટર છે. સમૃદ્ધિ અને સફળતાના સિંહાસન પર વિરાજતા આ તરુણ અને હસમુખા યુવાન સાદા-પેન્ટ શર્ટમાં સજ્જ હતા.

બાળકો, પ્રાણીઓ, બજારો...મચ્છી બજાર... મસાલા - શાકભાજીની બજાર.. ટોલિ કલબ, વિકટોરિયા, સુંદર ભવનો...ખૂબ વિવિધતા છે... બ્યુટીફુલ વિઝુઅલ્સ...'

મુલાકાત પૂરી કરીને અમે ઉઠતા હતા ત્યારે શ્રી સ્મિથે શ્રી પિત્રોડાને કહ્યું: 'આ લોકોને જરા સ્કેચ કરી બતાવોને...' શ્રી પિત્રોડાને સ્કેચ કરતાં પણ આવડે છે તે જાણી અમને આશ્ચર્ય અને આનંદ થયા. અમારી નોટબુક તેમની સામે ધરીને અમે કહ્યું: 'આ નોટબુકમાં જરા સ્કેચ કરી આપોને...?'

'નારેના, મને સ્કેચ- બેચ કરતાં નથી આવડતું- હું તો લીટાઓ કરું છું...!'

'ઠીક છે, લીટા કરી આપો,' અમે હસતાં હસતાં કહ્યું.

પછી શ્રી પિત્રોડા કલમ લઈને અમારી નોટબુક પર ઝડપથી એકચિત્ત રેખાંકન કરવા લાગ્યા. અને આંખના પલકારામાં એક સુરેખ રેખાઓમાં મહિલા-આકૃતિ ઉપસી આવી પછી રેખાઓની ખાલી જગ્યામાં થોડીક પૂરવણી કરીએ મને એ ચિત્ર સોંપતા કહ્યું: 'હજુ સમય હોય તો વધુ પૂરવણી કરી આપત...' અને આમ અમને શ્રી સામ પિત્રોડાના કલાત્મક સુરેખ રેખાંકન અનાયાસ સાંપડ્યું જે અહીં પ્રગટ કર્યું છે.

વિશ્વના આવા એક વરિષ્ઠ અને ટેકનોક્રેટની મુલાકાત ચિરસ્મરણીય બની રહી. તેમના પદ કે પ્રતિષ્ઠાના અભિમાનની કોઈ આછેરી ઝલક પણ તેમની વાતચીત કે વ્યવહારમાં ક્યાંય ડોકાઈ નહીં. બહુ જ સરળતા, નિખાલસતા અને આત્મીયતાથી વાતો કરી. તેઓ દિલથી બોલે છે. જેવું હૈયે છે તેવું હોઠે છે. સ્ફૂર્તિ અને ઉત્સાહથી ઉભરાતા લાગે. ચહેરા પર હાસ્ય સતત રમતું રહે. આજે ૬૦ વર્ષની ઉંમરે પણ સીધી અને ટટ્ટાર ચાલે, મક્કમ પગલે આત્મવિશ્વાસ અને આત્મગૌરવ સાથે તેઓ ચાલે છે, વાતો કરે છે.

★ ★ ★

સૌરાષ્ટ્ર અને કચ્છની સીમા ઉપર આવેલું ધૂળિયું ગામ ટીકર-રાન. ગામની વસતિ ગણીને સાત હજારની. પાણીની કાયમી ખેંચ. મોટા ભાગના માણસોને એક જ વાતની જાણ હોય કે ભૂખ લાગી છે. સવારથી સાંજ જોતરાય ને વેંઢારે. ધૂળ ખાય ને લૂ પીવે.

૧૯૩૦-૩૨માં ગંગારામભાઈ પિત્રોડા પણ એ ટીકરરાન ગામ છોડીને નીકળ્યા ત્યારે કઈ ભૂમિમાં રોપાઈને કેવી રીતે ટકી રહેવું એની જાણ નહોતી. ટીકરરાનથી વડોદરા થઈને ઠેઠ ઓરિસ્સાના ટિટિલાગઢ પહોંચ્યા ત્યારે ગંગારામભાઈ પાસે એક જ મૂડી હતી. પોતાના વડવાઓના ધંધાની ઊપજ. આત્મવિશ્વાસ સાથે ગંગારામભાઈ ટિટિલાગઢમાં વસી ગયા. ૨૦ રૂપિયાના પગારે જંગલ ખાતામાં મકાદમ બન્યા અને ત્યાંથી પ્રગતિ કરીને ૧૯૩૮-૩૯ સુધીમાં ૨૦ માણસને રોજી પૂરી પાડતા વેપારી થઈ ગયા.

ગંગારામભાઈ પિત્રોડાએ એ જ હિંમત અને આત્મવિશ્વાસ પોતાનાં સંતાનોને પણ આપ્યાં હતાં. એમના દીકરા સત્યનારાયણ અથવા સેમ પિત્રોડા જ્યારે સી-ડોટની ક્રાંતિકારી યોજના લઈને રાજીવ ગાંધી અને ઈન્દિરા ગાંધીને મળ્યા ત્યારે એના આત્મવિશ્વાસે બંને ગાંધીઓને આરપાર વીંધી નાખ્યાં હતાં. સેમ પિત્રોડાની યોજના ઉપર વિચાર કરવા સિવાય બીજો ઉપાય નહોતો.

૧૯૮૧માં સેમ પિત્રોડા અને રાજીવ ગાંધી પહેલીવાર મળ્યા હતા. સેમ પિત્રોડા એ વખતે શિકાગોમાં રહેતા હતા. ટેલિકોમ્યુનીકેશનની દુનિયાના જાદુગર કહેવાતા હતા. એમની પાસે ઓછામાં ઓછા પચાસ પેટન્ટ હતા. પોતાના દેશ માટે કશુંક ક્રાંતિકારી કરવાનાં સ્વપ્નો હતાં. રાજીવ ગાંધી પિત્રોડાને ઓળખતા નહોતા. ટેલિકોમ્યુનીકેશનમાં શું થઈ શકે અને સી-ડોટ શું છે એની ખબર ન હોવા છતાં પિત્રોડા સમજાવે તો સમજી શકે એટલું ટેક્નોલોજી વિષે જ્ઞાન રાજીવ પાસે હતું.

સેમ પિત્રોડાને ઈન્દિરા ગાંધીની મુલાકાત માટે બહુ વાટ જોવી પડી. પહેલીવાર પોતાની યોજના લઈને એ પી.સી. એલેક-ઝાન્ડરને મળ્યા અને ગાંધીની મુલાકાત માગી ત્યારે એમને ૧૦ મિનિટ આપવામાં આવી હતી. સેમ પિત્રોડાએ દસ મિનિટને બદલે એક કલાક માગ્યો. એલેકઝાન્ડરે દસ મિનિટ પણ પાછી લઈ લીધી. એ પછી સેમ પિત્રોડાએ રાજીવ સાથે મુલાકાત કરી હતી. રાજીવ ગાંધી, અરુણ સિંહ અને અરુણ નેહરુ-ત્રણે સાથે પિત્રોડાને મળ્યા ત્યારે સેમ પિત્રોડા અને રાજીવ ગાંધીને પહેલી જ મુલાકાતમાં પ્રેમ થઈ ગયો. રાજીવ ગાંધીએ વડા પ્રધાન ઈન્દિરા ગાંધી અને સેમ પિત્રોડાની મુલાકાત ગોઠવી આપી.

૧૯૮૧ના નવેમ્બર મહિનામાં ઈન્દિરા ગાંધી અને તેની કેબિનેટના મોટા ભાગના સભ્યો સામે, એક સફદરજંગ રોડ ઉપરની ઓફિસમાં પિત્રોડાએ પોતાની યોજના સમજાવી. સેમ પિત્રોડાએ શરૂઆત કરી ત્યારે કેબિનેટના મોટા ભાગના પ્રધાનોને તમ્મર આવી ગયાં કારણકે એણે કહ્યું, 'મેડમ, શિકાગોમાં મારી એપોઈન્ટમેન્ટ માટે લોકો ત્રણ-ચાર

મહિના રાહ જોતા હોય છે, અને અહીં મારા સ્પેશ્યલાઈઝેશનનો લાભ ભારતને આપવાનો હું પ્રયત્ન કરવા આવ્યો ત્યારે મને તમારી મુલાકાત મેળવતાં પણ નાકે દમ આવી ગયો.' ગંગારામભાઈ જે આત્મવિશ્વાસ લઈને મુકાદમમાંથી વેપારી થયા હતા એ જ પોલાદી આત્મવિશ્વાસ સાથે સેમ પિત્રોડાએ પોતાની વાત શરૂ કરી હતી.



સેમ પિત્રોડાની એક ખાસિયત છે. નાનપણથી એક પ્રકારની લીડરશિપ ક્વોલિટી છે. કોઈ પણ ટોળામાં એ નેતા બની જઈ શકે છે. વલ્લભવિદ્યાનગરમાં ભણવાનું શરૂ કર્યા પછી એક જ વર્ષમાં એમણે એકલે હાથે કોલેજના વિદ્યાર્થીઓની ટુર કાઢી હતી. ટિકિટ અને હોટેલ બુકિંગથી માંડીને ક્યાં જવું અને શું જોવું વગેરે બધો પ્લાન એકલાએ કર્યો હતો અને એ સફળ પણ રહ્યો હતો.

કોલેજની ડિબેટ ટીમમાં એ હંમેશાં જીત્યા હતા. એક વખત તેમના હાથમાં કો-ઓપરેટિવ મુવમેન્ટ લખેલી ચિઠ્ઠી આવી. એમણે પાંચ મિનિટ પછી એ વિષય પર બોલવાનું હતું અને સેમ તો પહેલેથી વિજ્ઞાનના માણસ. એમણે પોતાના મિત્ર સાથે ચૂપચાપ ચિઠ્ઠી બદલી લીધી. પણ મિત્ર પાસેથી લીધેલી ચિઠ્ઠીમાં પણ વિજ્ઞાનનો વિષય નહોતો. એમાં લખ્યું હતું: 'પ્લાનિંગ.' કોમર્સના કોઈ પણ વિષય સાથે એમને નહાવા-નિચોવવાનો પણ સંબંધ નહીં. હવે બીજી વાર ચિઠ્ઠી બદલવી પણ શક્ય નહોતી. છતાં એમણે જંગમાં ઝંપલાવ્યું. એ પ્લાનિંગ ઉપર બોલ્યા અને ડિબેટ જીતી ગયા.

કોઈ પણ વિષયના તળમાં પહોંચવાની એમને આદત છે. પણ એનો રસ હંમેશાં ભૌતિકશાસ્ત્ર અને ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સમાં રહ્યો છે. એમ.એસ. યુનિવર્સિટીમાં ઈલેક્ટ્રોનિક્સના વિષય સાથે ગ્રેજ્યુએશન કર્યું ત્યારે ૧૨૬ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૬ પાસ થયા હતા.

૧૯૬૪માં પોતાનું પોસ્ટ ગ્રેજ્યુએશન પતાવીને અમેરિકાની ઈલિનોઈસ યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીમાં સેમ પિત્રોડાએ પ્રવેશ કર્યો. એ સમયે ટેકનોલોજીના અભ્યાસ માટે ઈલિનોઈસ યુનિવર્સિટીનું નામ બહુ મોટું ગણાતું હતું.

અમેરિકા જતાં રસ્તામાં ઈંગ્લેન્ડમાં બે દિવસ રોકાવાનું હતું. એ વખતે જીવનમાં પહેલીવાર સેમ પિત્રોડાએ ટેલિફોનનો ઉપયોગ કર્યો હતો. ઈંગ્લેન્ડથી અમેરિકા જતું વિમાન ખરાબ હવામાનને કારણે ન્યુયોર્કમાં ન ઊતરી શક્યું. વિમાનને કેનેડા લઈ જવું પડ્યું. ત્યાં વિમાની કંપનીએ બધા પ્રવાસીને ફાઈવસ્ટાર હોટેલમાં ઉતાર્યા. એ હોટેલના રૂમમાં સેમને પહેલીવાર ટી.વી.નાં દર્શન થયાં. ઈલેક્ટ્રોનિક્સના વિદ્યાર્થી તરીકે ટી.વી.ની કાર્યપદ્ધતિ સેમ જાણતા હતા પણ હોટેલના આ રૂમમાં જે ટી.વી. હતું તે ચાલુ કરતાં એને નહોતું આવડતું. અમેરિકાએ સેમનું શિક્ષણ આજ ક્ષણથી શરૂ કર્યું.

સેમ પિત્રોડા વિષે લેખ લખવો પડે કે એક પુસ્તક છપાય એવું એના જીવનમાં શું છે એ પ્રશ્નના સાત અથવા સાતસો અથવા સાત હજાર જવાબ હોઈ શકે.○

*તસવીર : અજય પડિયા*

3rd ANNIVERSARY
DISCOUNT SALE
Exquisite sarees at down to earth prices.
RANGOTSAV SAREES
111-A, Park Street, Ground Floor, Kolkata - 16 • Tel. : 226 2403/04